## બાળકો લક્ષ્યથી ન ભટકે તે માટે વાલીઓની સજાગતા અને મહેનત જરૂરી છે : અવંતિકા સિંઘ



કન્યાકેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવના બીજા દિવસે મુખ્યમંત્રીશ્રીના સચિવ અને માહિતી-પ્રસારણ સચિવ શ્રીમતી અવંતિકા સિંઘે ગાંધીનગર જિલ્લાના કોટેશ્વર, ભાટ અને સુઘડ ગામોની પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૧ માં ૫૭ કન્યા અને ૫૦ કુમાર સહિત ૧૦૭ વિદ્યાર્થીઓને ભાવપૂર્વક આવકાર્યા હતા. આ ત્રણ ગામોમાં ૩૭ ભૂલકાઓએ આંગણવાડીમાં પ્રવેશ લીધો હતો. બાળકોને દફતર, પુસ્તકો અને ચોકલેટ સાથે આવકારતા શ્રીમતી અવંતિકા સિંઘે કહ્યું હતું કે, શાળા પ્રવેશોત્સવને કારણે શાળામાં ઉત્સવનું વાતાવરણ સર્જાતું હોવાથી હવે પ્રવેશ વખતે બાળકો ખુશખુશાલ દેખાય છે. શિક્ષણ પ્રત્યે બાળકોની રૂચી જળવાઈ રહે અને બાળકો લક્ષ્યથી ન ભટકે એ માટે વાલીઓની સજાગતા અને મહેનત જરૂરી છે. રમત ગમત એ બાળકોનો મૂળ સ્વભાવ છે, તેની સાથોસાથ અભ્યાસ પણ એકાગ્રતાથી થવો જોઈએ.

# શહેરમાં કોરોનાના નવા ૭ કેસ

**ગ્રામ્યમાં ૨ કેસ નોંધાયા : સે. ૧ માં ૪ કેસ, ખોરજ, આઈઆઈટી, સે. ૨૬માંથી કેસ મળ્યા, ગાંધીનગર ગ્રામ્યમાં એક અને માણસામાંથી એક કેસ નોંધાયો**

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેરમાં કોરોનાના નવા ૭ કેસ અને જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૨ કેસ નોંધાયા છે. ગઈકાલની તુલનામાં જિલ્લામાં કેસની સંખ્યામાં ઘટાડો જણાયો છે.

શહેર-જિલ્લામાં લોકલ ટ્રાન્સમિશન વધી રહ્યુ છે. લોકલ ટ્રાન્સમિશનના કેસો સામે આવી રહ્યા હોવાથી તંત્રએ ટેસ્ટીંગના પ્રમાણમાં પણ વધારો કરવાની સૂચના આપી છે.

શહેર-જિલ્લામાં મહિલા દર્દીઓની સંખ્યા વધી રહી હોવાથી તંત્રની ચિંતા વધી છે. તંત્રએ સર્વેલન્સ સઘન બનાવવા ઉપરાંત જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે જોવા માટે પણ તાકીદ કરી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે બે કેસ નોંધાયા છે જેમાં એક કેસ ગાંધીનગર અને એક કેસ માણસા તાલુકામાંથી મળી આવેલ છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે બન્ને કેસ મહિલા દર્દીના નોંધાયા છે.

માણસા તાલુકાના લોદરા ગામે ૧૮ વર્ષીય વિદ્યાર્થીનીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જ્યારે ગાંધીનગરના અડાલજ ગામેથી ૪૩ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

ગાંધીનગર શહેરમાં આજે નવા ૭ કેસ નોંધાયા છે. જેમાં ૩ મહિલા દર્દી અને એક ૬૦ વર્ષથી વધુ વય ધરાવતા દર્દી છે. શહેરમાં નોંધાયેલા કેસોમાં આજે એક દર્દીને સઘન સારવારની જરૂર જણાતાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં આજે સે. ૧ માં એક દંપત્તિ કોરોનાની ઝપેટમાં આવી ગયુ છે. સે. ૧ માં આજે ૪ કેસ નોંધાયા છે. સે. ૧ કોરોનાની ત્રીજી લ્હેરથી સંવેદનશીલ વિસ્તાર બનીને ઉભરી રહેલ છે. સે. ૧ માં આજે દંપત્તિ ઉપરાંત ૩૭ વર્ષીય પુરૂષ અને ૪૮ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે.

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ખોરજ ગામમાંથી આજે ૪૯ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીને સઘન સારવારની જરૂરિયાત જણાતાં ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

આઈ.આઈ.ટી.માંથી આજે કોરોનાનો વધુ એક કેસ મળી આવેલ છે. આ ઉપરાંત સે. ૨૬માંથી પણ એક ૩૬ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસમાંથી ૬ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આજે વધુ ૩ દર્દીઓ સાજા થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં આજે નોંધાયેલા કેસ સાથે એક્ટીવ કેસની સંખ્યા ૫૦ની નજીક પહોંચવા આવી છે.

મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા જણાવ્યુ છે.

## પ્રવેશોત્સવ સાથે ઈ.ગ્રામ સેન્ટર અને પંચાયત ઘરની મુલાકાત લેવી પડશે

**૩૮ મુદ્દાઓનું ચેકલીસ્ટ તૈયાર કરાયુ : આજે બીજા દિવસે કલસ્ટર સમીક્ષા બેઠકો યોજાઈ : જેમાં અધિકારીઓના અનુભવ અને નિરીક્ષણ દરમ્યાન ધ્યાને આવેલા મુદ્દાઓ અંગે ચર્ચાઓ થઈ**

ગાંધીનગર, તા. ૨૪

રાજ્ય સરકારે શાળા પ્રવેશોત્સવના કાર્યક્રમ પછી પંચાયત ઘર તેમજ ઈ.ગ્રામ સેન્ટરની મુલાકાત લેવાની રહેશે.

રાજ્યના પંચાયત વિભાગે આ અંગે એક ખાસ પરિપત્ર કર્યો છે. આ સાથે ૩૮ જેટલા મુદ્દાઓને આખરી લઈ એક ચેકલિસ્ટ પણ તૈયાર કર્યુ છે. જે ફરજીયાત ભરીને મોકલવાનું અધિકારીએ રહેશે તેમ જણાવાયુ છે.

પંચાયત વિભાગે તૈયાર કરેલ ચેકલીસ્ટની સાથે જર્જરિત પંચાયત ઘર હોય તો તેનો વિડીયો તેઓ દેખાય તે રીતે ઉતારીને તેમજ પોતાના અવાજમાં રેકોર્ડ કરી સ્થિતિ સાથેનો અહેવાલ આપવા જણાવ્યુ છે.

ઈ.ગ્રામ સેન્ટરમાં વેબ-કેમેરા, સ્કેનર, વોટરકુલર, સોલાર, આર.ઓ. પ્લાન્ટ, લેમિનેશન મશીન, ફાયરની સુવિધા, ઈન્ટરનેટની કનેક્ટીવીટી સહિતની સુવિધાઓ ચકાસી અને તે અંગેનો અહેવાલ આપવા જણાવ્યુ છે.

શિક્ષણ વિભાગ દ્વારા યોજવામાં આવતા પ્રવેશોત્સવ વખતે દર વખત સરકાર જુદા જુદા કાર્યક્રમોને લઈ આવા સર્વે કરાવતી જ હોય છે. જો કે આ વખતે ચેકલિસ્ટ લાંબુ છે અને વિડીયો ક્લીપ પોતાના અવાજમાં રેકોર્ડ કરી મોકલવાનો હોવાથી અધિકારીઓનો સમય વધુ બગડતો હોવાની ફરિયાદો ઉઠી છે.

આજે ઘણા બધા સ્થાનો પર ઉચ્ચ અધિકારીઓ ગયા ન હતા અને તેમના સ્થાને અન્ય અધિકારીઓને મોકલવામાં આવ્યા હોવાની વાતો પણ બહાર આવી રહી છે.

શાળા પ્રવેશોત્સવ દરમ્યાન સરકારે આ વખતે અભિયાનના બીજા દિવસે કલસ્ટરની સમીક્ષા બેઠક યોજવાનો પણ નવતર અભિગમ અપનાવ્યો છે. જેમાં ગુણોત્સવના પરિણામ પર ચર્ચા કરવા ઉપરાંત શાળાની સુવિધાઓ, બાળકોના વાંચન, ગણન અને લેખન શક્તિને લઈ પણ ચર્ચા કરવાનો નિર્ણય કરાયો છે.

પ્રવેશોત્સવના કાર્યક્રમનું સંચાલન શક્ય હોય ત્યાં સુધી બાળક દ્વારા કરાવવામાં આવે તેવી સૂચના હોવાથી તેની ઉચ્ચાર શુદ્ધિનું મૂલ્યાંકન કરવા જણાવાયુ હતુ.

આજે યોજાયેલ કલસ્ટર સમીક્ષા બેઠકમાં શિક્ષણ વિભાગની કેટલીક ગંભીર બાબતો પણ સરકાર સુધી પહોંચી હોવાનું જાણવા મળેલ છે.

## જિલ્લાની ૧૪૯ શાળામાં ૪૨૭૯ બાળકો અને આંગણવાડીમાં ૧૫૬૮ ભૂલકાંઓએ પ્રવેશ લીધો



ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લામાં આજે ૧૪૯ શાળાઓમાં ૪૨૭૯ બાળકોને ધો. ૧ માં અને ૧૫૬૮ ભૂલકાંઓને આંગણવાડી કેન્દ્રોમાં પ્રવેશ આપવામાં આવેલ છે.

શાળા પ્રવેશોત્સવના ત્રિદિવસીય અભિયાનના આજે બીજે દિવસે પણ શૈક્ષણિક સંસ્થાઓ માટે અને શિક્ષણ માટે દાનની સરવાણી યથાવત્ રહી હતી આજે રૂ. ૩૭ લાખથી વધુ મત્તાનું દાન રોકડ અને વસ્તુ સ્વરૂપે તંત્રને પ્રાપ્ત થયુ છે.

આજે બીજે દિવસે માણસામાં એક નવનિર્મિત વર્ગખંડનું પણ લોકાર્પણ કરવામાં આવ્યુ હતુ. રોકડ દાન કલોલ તાલુકામાં સૌથી વધુ પ્રાપ્ત થયુ છે. દહેગામ તાલુકામાં કુમાર કરતાં કન્યાઓએ ધો. ૧ માં વધુ પ્રવેશ મેળવ્યો છે. જોકે સૌથી વધુ પ્રવેશ ગાંધીનગર તાલુકામાં ધો. ૧ માં નોંધાયો છે.

જિલ્લામાં ધો. ૧ માં પુનઃ નામાંકન પણ કન્યાઓનું જ વધુ થયુ છે. આજે ૫૭ વિદ્યાર્થીઓનું પુનઃ નામાંકન થયુ છે. જેમાં ૩૦ કન્યા અને ૨૭ કુમારનો સમાવેશ થાય છે. જિલ્લામાં આજે ૩૫ દિવ્યાંગ બાળકોએ પ્રવેશ મેળવ્યો છે. ગાંધીનગરમાં ૧૯, દહેગામમાં ૬, કલોલમાં ૬ અને માણસામાં ૪ બાળકોનો સમાવેશ થાય છે. જેમાં ૨૦ કુમાર અને ૧૫ કન્યાઓ છે. ૧૦ શાળાઓને ટ્રાન્સપોર્ટેશનની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

## સુપ્રિમ કોર્ટમાં સત્યની જીત થઈ છે : સી.આર. પાટીલ

ગાંધીનગર, તા. ૨૪

નરેન્દ્રભાઈ મોદીના વિરોધીઓ દ્વારા તેમને ગુજરાતના વર્ષ ૨૦૦૨ના રમખાણોમાં રાજકીય બદ-ઈરાદાથી સંડોવણી કરવાનો એક વધુ નિષ્ફળ પ્રયાસ થયો છે. તેમના પ્રધાનમંત્રી તરીકેના કાર્યકાળના નવમા વર્ષમાં નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા આ ક્લિનચીટ મળી છે અને અગાઉ પણ અનેક કેસોમાં ક્લીનચિટ મળી છે. નરેન્દ્રભાઈ મોદીને બદનામ કરવાના કોંગ્રેસ તથા વિરોધી પક્ષોના ષડયંત્રના ભાગરૂપે ૬૦ થી પણ વધુ તપાસ પંચો દ્વારા, સરકારી-બિનસરકારી સંસ્થાઓ તથા આંતરરાષ્ટ્રીય એનજીઓ દ્વારા તેમજ નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા નિમાયેલ (સીટ) એસઆઈટી દ્વારા પણ તપાસ થઈ છે. સુપ્રિમ કોર્ટે પણ પીટીશન રીજેક્ટ કરી છે.

ભાજપ પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલે વધુમાં જણાવ્યું છે કે આગળ સુપ્રીમ કોર્ટે એવું પણ કહ્યું છે કે 'કોર્ટની પ્રક્રિયાનો દુર ઉપયોગ કરનાર તમામ લોકો કટેડામાં હોવા જોઈએ અને તેમની ઉપર કાયદા હેઠળ કામ ચાલવુ જોઈએ'. આખી કાનૂની પ્રક્રિયા ૨૦ વર્ષ ચાલી અને આ વિષયમાં સુપ્રીમ કોર્ટે ૨૦૧૨માં નરેન્દ્રભાઈ મોદીને સંપૂર્ણ ક્લિનચીટ આપી હોવા છતાં અલગ-અલગ રીતે આ વિષયને જીવિત રાખવા આ કેસ કરવામાં આવ્યો હતો અને મેજિસ્ટ્રેટ તથા ગુજરાત હાઈકોર્ટે તે કાઢી નાખ્યા પછી સુપ્રીમ કોર્ટમાં કોંગ્રેસ આગેવાન કપિલ સિબ્બલ દ્વારા સળંગ આઠ દિવસ સુપ્રીમ કોર્ટ સમક્ષ દલીલ કરી હતી અને તેનો આજે ચુકાદો આવ્યો છે અને સુપ્રીમ કોર્ટ કડક શબ્દો સાથે આ પિટિશન કાઢી નાખી છે.






## પૂર્વ પ્રમુખ સૂર્યસિંહ ડાભીએ કોંગ્રેસને રામ રામ કર્યા

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લા કોંગ્રેસના પૂર્વ પ્રમુખ અને હાલ પ્રદેશ કોંગ્રેસના મહામંત્રી સૂર્યસિંહ ડાભીએ કોંગ્રેસના હોદ્દા તેમજ પ્રાથમિક સભ્યપદેથી રાજીનામુ આપતાં જિલ્લા કોંગ્રેસને ભારે મોટો ઝડકો લાગ્યો છે. પ્રદેશ પ્રમુખને પાઠવેલા પત્રમાં તેમણે જણાવ્યુ છે કે તેઓ પક્ષ છોડી રહ્યા છે પણ પક્ષની વિચારધારા નહિ છોડે.

જો કે તેમની સાથે ટેલિફોન પર વાતચીત કરતાં ગાંધીનગર સમાચારને જણાવ્યુ હતુ કે હાલ કોઈ પક્ષમાં જોડાવાનો નથી. હું મારા સાથીઓ સાથે પરામર્શ કરી જરૂર અને યોગ્ય નિર્ણય યોગ્ય સમયે કરીશ.

સૂર્યસિંહ ડાભી જિલ્લા કોંગ્રેસના સૌથી યુવા પ્રમુખ બન્યા હતા. તેમના પ્રમુખ તરીકેના કાર્યકાળ દરમ્યાન સૌથી વધુ બેઠકો ૨૦૧૭માં પક્ષે જીતી હતી અને તેમના જ કાર્યકાળ દરમ્યાન ૨૦૨૧માં સૌથી ઓછી બેઠકો પક્ષે જીતી હતી જે નોંધનીય છે.

ડાભીએ રાજીનામાને લઈ કોઈ ચોક્કસ અભિગમ કે ચોક્કસ કારણોથી રાજીનામુ આપ્યાની વાતને જણાવવાનો ઈન્કાર કરી કહ્યુ હતુ કે બસ હાલ હુ મુક્ત થયો છુ અને થોડો સમય મુક્ત જ રહેવાનુ પસંદ કરૂ છુ.

## શિક્ષણ અને કૃષિ વિજ્ઞાનના સુયોગ્ય સંકલન થકી સમૃદ્ધ સમાજ બનાવીએ : મુખ્ય સચિવ

ગાંધીનગર, તા. ૨૪

શિક્ષણ અને કૃષિ વિજ્ઞાનના સુયોગ્ય સંકલનથી સમૃદ્ધ અને સમરસ સમાજ રચનાને વધુ મજબુત બનાવી શકીશુ તેવો સ્પષ્ટ મત રાજયના મુખ્ય સચિવ પંકજકુમારે આજે પ્રવેશોત્સવ દરમ્યાન જિલ્લાના અંતરિયાળ ગામોમાં વ્યક્ત કર્યો હતો.

તેમણે જણાવ્યુ હતુ કે પ્રાકૃત્તિક ખેતી અપનાવી અને ઓછા ખર્ચે મબલખ ઉત્પાદન મેળવવાનો વિકલ્પ શ્રેષ્ઠ છે. આજકાલ બજારમાં ઓર્ગેનિકની ડિમાન્ડ વધી રહી છે ત્યારે ખેતીને સમૃદ્ધ બનાવવા પ્રાકૃત્તિક ખેતીની સાથે શિક્ષણ પણ એટલુ જ જરૂરી છે.

તેમણે જિલ્લામાં પ્રાકૃતિક ખેતીના અભિગમને વધુ પ્રાધાન્ય આપવા પણ અનુરોધ કર્યો હતો. તેમણે કહ્યુ કે શિક્ષણના માધ્યમથી આધુનિક કૃષિની નવી તકનીકોનો ઉપયોગ કરી સમૃદ્ધ અને સમરસ સમાજરચનાને વધુ મજબુત બનાવવાનું કામ સૌનું છે.

મુખ્ય સચિવે સરકારે કૃષિક્ષેત્રે લીધેલા મહત્વના પગલાં તેમજ ખેડૂતોના હિતમાં લીધેલા નિર્ણયોની જાણકારી આપી હતી.

ડ્રીપ ઈરીગેશન તેમજ પ્રાકૃત્તિક ખેતી માટે કરાયેલા નિર્ણયોથી ઉત્પાદન ખર્ચ કેવી રીતે ઘટી શકે છે તે વિશે પણ કેટલીક વાતો કહી હતી.

આજે પણ તેમણે વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નોત્તરી કરી શુ બનવાની ઈચ્છા છે તે જાણવા માગ્યુ હતુ. એક પણ વિદ્યાર્થીએ ખેડૂત બનવાની ઈચ્છા જાહેર ન કરતાં તેમણે કૃષિક્ષેત્રના વિકાસની તકો અને તેની વિગતોની જાણકારી આપી હાજર ખેડૂત પરિવારોના મન મોહી લીધા હતા. તેમણે જિલ્લાની પૂર્વ પટ્ટીના ખેતરો અને હરિયાળી જોઈ ખુશી વ્યક્ત કરી હતી.

આજે પ્રવેશોત્સવ દરમ્યાન તેમની સાથે જિલ્લા કલેક્ટર આર્ય, જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા શિક્ષણાધિકારી, જિલ્લા શાસનાધિકારી, તાલુકા કેળવણી અધિકારી, પ્રાંત અધિકારી, જિલ્લા ખેતીવાડી વિભાગના અધિકારીઓ પણ હાજર રહ્યા હતા.











Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com